# ...તમે ચાહો તો તમને જગતમાં કોઇ દુઃખી ન કરી શકે

## લાયન્સ કલબ આયોજિત વકતવ્યમાં કથાકાર ભુપેન્દ્ર પંડયાએ ઇજનેરી વિદ્યાર્થીઓને હળવી શૈલીમાં રસપ્રદ વકત્વય આપ્યુ

ગાંધીનગર તા ૧ ૨

તમે ન ચાહો તો તમને કોઇ દુખી ન કરી શકે... તમારી ખુશી અને ઉત્સવના મુળિયા તમારી અંતરમાં જ છે.... આપણુ જીવન અન્ય ઓપરેટ કરીને જીવી પણ રહ્યા છે....સંસ્કૃતિને વિકાસશીલ રાખવાનો પ્રયાસ કરવો અનિવાર્ય છે. તેને બંધિયાળ રાખવાની મથામણ યોગ્ય નથી..રૂઢીવાદી બની જવાય..દરેક દિશામાંથી ઉત્તમ વિચારોની પ્રાપ્તિએ ઉત્સવ નીતી છે...વિશ્વ જેવુ છે તેવુ જોવુ અને સ્વીકારવુ તે સુખી થવા માટે જરૂરી છે. ફેશન અને પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ વચ્ચે આપણે જીવનને ઈમ્પોર્ટ કરી રહયા છીએ.. શહેરની એલ ડી આર પી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાણીતા કથાકાર ભુપેન્દ્ર પંડયાએ પ્રેરક વકતવ્ય આપી જીવનને ઉત્સાહ બનાવતી રાહ ચિંધી હતી.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સે-૧૫ સ્થિત એલ ડી આર પી કોલેજમાં એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને અનુલક્ષી જાણીતા કથાકાર ભુપેન્દ્ર પંડયાના શાનદાર વકતવ્યનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જીવન એક ઉત્સવ વિષય અંગે તેમણે રસપ્રદ વકતવ્ય આપતા જણાંવ્યુ હતુ કે જીવનમાં સુખ દુખ બહારના પરિબળો પર નહીં પરંતુ આંતરિક તાકાત પર આધારિત છે. તમે ચાહો તો તમને કોઇ દુખી કરી ન શકે.પાર્ટનર,મિત્ર,કુંટુંબ, સોસાયટી કે પાલતુ પ્રાણી પણ તમને દુખી ન કરી શકે . આંતરિક ગહનતા અને સ્વજાગૃતિ મુખ્ય બાબત છે. તમારા સેલિબ્રેશન અને ખુશીનો સોર્સ તમારી અંદર જ હોવો જોઈએ. જીવનમાં જે કાંઈ પણ કરો તે પુરા ઈન્વોલમેન્ટ સાથે કરો તો પણ જીવન ઉત્સવ બની જશે. મનુષ્યમાં પસંદગી કરવાની ક્ષમતા છે. કોઈની પ્રશંસા કે નિંદાથી દુખી ના થાવ એટલે જીવન ઉત્સવ છે. કોઈ ગુસ્સો કરે ત્યારે ચુપ રહો. આજે મનુષ્ય મશીન જેવો થઈ ગયો છે. બટન દબાવો એટલે રિએકશન આવે છે. કોઈ સ્વીચ દબાવે તેમ ન વર્તાય. પ્રશંસા કરો તો ખુસ અને નેગેટીવ કોમેન્ટ કરો તો ફયુઝ ઉડી જાય છે. દરેક પરિસ્થિતમાં રિએક્ટ કરવાના બદલે રીસ્પોન્ડ કરતા શીખી જવુ જોઈએ. તેનાથી ઉદાસીનતા દુર થશે. આપણી અનુમતિ વગર આપણને કોઈ દુખી ન કરી શકે. આપણે ડિફોલ્ટ પ્રોગ્રામથી નહીં ડિઝાઈન પ્રોગ્રામથી આગળ વધવાની અનિવાર્યતા છે. આપણે સારા કપડા પહેરીએ તો પણ બીજા માટે પહેરીએ છીએ. આપણુ જીવન બીજા જીવે છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે લાઈફ સ્ટાઈલ પણ પશ્ચિમી દુનિયામાં બને છે. વ્યક્તિ અને વસ્તુને મહત્વ આપીને સાથોસાથ તમને દુખી કરવાનો અધિકાર પણ તેને જ આપી દો છો. બીજાથી કાંઈક નોખુ વિચારો નવા વિચારો અમલમાં મુકો સફળતાની પ્રાપ્તિ પણ એમાંથી જ થાય છે. આજે જ એવુ કાંઈ કરો જે આવતીકાલે દુનિયા તેને ફોલો કરે. મનને સંતુલિત રાખવાનુ પણ અનિવાર્ય છે. કોઈપણ વ્યક્તિ સારો કે ખરાબ હોતો નથી. પરંતુ આપણી જાણવા, સમજવાની શકિત કે દ્રષ્ટી એવી બની ગઈ છે. આ તબક્કે લાયન્સ પ્રમુખ નિમેષ રાવલે પણ છેલ્લા ચાર મહીના દરમિયાન સંસ્થા દ્વારા હાથ ધરાયેલી સેવાકીય પ્રવૃતિનો ચિતાર રજુ કર્યો હતો. આ દરમિયાન તેમણે લાયન સભ્યોનો પણ આભાર માન્યો હતો. કાર્યક્રમના અંતે નગરના અગ્રણી સુરેશ ભટ્ટ,શૈલેષ પંડયા, હિરેન ભટ્ટ યુવા અગ્રણી દિવ ત્રિવેદી તેમજ લાયન સભ્યોએ કથાકાર ભુપેન્દ્ર પંડયાનુ સન્માન કર્યુ હતુ.




**સુખ દુખ બહારના પરિબળો પર નહી અંતરની શકિત આધારિત હોવા જોઇએ :વ્યકિત કે વસ્તુને મહત્વ આપને તમે દુખી કરવાનો અધિકાર પણ તેને આપી દો છો : તમારી ખુશી અને ઉત્સવના મુળિયા તમારા અંતરની દુનિયામાં**

# શહેરમાં માલેતુજાર-વગદાર 'સંતાનો'ની ઉદ્ધતાઈથી સજ્જન વાહનચાલકો પરેશાન

## ટ્રાફિકના નિયમો નેવે મુકી બાઈક-સ્કૂટર હંકારતા આ યુવાનો પોતાનો વાંક હોવા છતાં સામે વડીલ હોય તેને પણ ગાળો અને ધમકી આપતા અચકાતા નથી

ગાંધીનગર, તા. ૧ ૨

ગાડી મોટી હોય તેમ તેવર વધુ હોય તે વાત ખોટી. વ્યક્તિનું વર્તન તેના સંસ્કાર તેની સમજણ અને તેના શિક્ષણ પર આધારિત હોય છે. કહેવાતી સંસ્કાર નગરી ગાંધીનગરમાં હમણાં હમણાં એવા બનાવો બની રહ્યાં છે જેમાં વગદાર અને માલેતુજાર કુટુંબોના સંતાનો જેઓ મોંઘા બાઈક-સ્કૂટરો લઈને વટ મારવા ફરતા હોય છે તે નાની અમથી વાતે અન્ય વાહનચાલકો પછી ભલે સામે સુસંસ્કારી સજ્જનો કે વડીલો હોય તેમની સાથે તોછડાઈ સાથે દાદાગીરીભર્યુ વર્તન કરતા અચકાતાં નથી. આ "બડે બાપ કી બિગડી ઔલાદો" તેમનો પોતાનો વાંક હોય તો પણ સામેવાળા સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરી પોતાના સંસ્કારોનું પ્રદર્શન કરી રહ્યાં છે.

રવિવારે સવારે આશરે સાડા દસ વાગ્યાના સુમારે આવો જ એક સ્કૂટરચાલક યુવાન ઘ-માર્ગ પર પસાર થતી વખતે પોતેજ બેલેન્સ ગુમાવી એક કારની નજીકમાં પટકાયો હતો. જેમાં કારચાલકનો કશો જ વાંક નહોતો. આમ છતાં પોતાના વાંકે જ પટકાયેલા આ યુવાને પોતાનું પોત પ્રકાશતા ઉભા થઈ સજ્જન કારચાલકને બેફામ અપશબ્દો આપવાનું ચાલુ કરી દીધુ હતુ. હેબતાયેલો કારચાલકે કંઈ બોલવા પ્રયત્ન કર્યો તો એને આ તુરંતજ જ માર મારવાની લુખ્ખી ધમકી પણ આપી દીધી હતી. આવા જ એક બીજા બનાવમાં સે. ૨૪ સર્કલ પાસેથી રાત્રે એક લગ્ન સમારંભમાંથી પરત આવી રહેલી કાર સાથે એક શરત ચૂકથી બાઈક સવાર સાથે નાની અમથી ટક્કર થઈ જવા પામી અને કોઈ ઈજા કે નુકસાન કશું જ થયુ ના હોવા છતાં આ યુવાને કારમાં સવાર સિનિયર સિટીઝન વડીલની ઉંમરનો પણ ખ્યાલ રાખ્યા વગર બેફામ અપશબ્દો વરસાવી દીધા હતા.




શહેરમાં છડેચોક લાયસન્સ વગર, હેલ્મેટ વગર, ટ્રાફિકના નિયમોની ઐસીતૈસી કરી રોન્ગસાઈડ ડ્રાઈવ તથા ઓવરસ્પીડમાં ડ્રાઈવ કરતાં આ યુવાનોમાં મર્યાદા-આદર કે સંસ્કારનો છાંટો સુદ્ધા જોવા મળતો નથી. માત્ર વગદાર કે માલેતુજાર બાપના સંતાન હોવાની એકમાત્ર લાયકાતને આધારે ગમે તેને ઉતારી પાડવાનો કે દાદાગીરી કરવાનો પરવાનો મળ્યો હોય તે રીતે વર્તી રહ્યા છે. જે ગાંધીનગરને સંસ્કારનગરી બનતા અટકાવી રહ્યાં છે. આવા કુછંદે ચઢેલા માથાભારે તત્વોને સત્વરે કડક હાથે ડામવાની તાતી જરૂર જણાય છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**હું તો મોદીજીએ કહ્યું તે પહેલાંથી જ... વર્ષોથી કેશલેસ ટ્રાન્જેકશન જ કરતો હતો... પણ લોકો મને ઉધારીયા તરીકે ઓળખતા...!!**

# ગીર ફાઉન્ડેશન ખાતે વેટલેન્ડ સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા.૧ ૨

ગીર ફાઉન્ડેશન ખાતે જળપ્લાવિત ક્ષેત્રોના રક્ષણ અને સંવર્ધન અંગેનો રાષ્ટ્રીય કક્ષાના પાંચ દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમીનારમાં ભાગ લેનાર વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તથા રીસર્ચ નિષ્ણાંતો દ્વારા આ વિષયના રક્ષણ માટેની ટેકનીકનું નોલેજ આપવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ અંતર્ગત નળ સરોવર ખાતે અભ્યાસ કરાવવામાં આવશે.

જળપ્લાવિતક્ષેત્રો મનુષ્યના સમાજના સાંસ્કૃતિક તથા આર્થિક વિકાસમાં અગત્યની ભુમિકા ભજવે છે. જેને બાયોલોજીક સુપર માર્કેટ તરીકે પણ ઓળખાય છે.જેથી કરીને હાલના ઔધોગીક યુગમાં આ ક્ષેત્રોનું રક્ષણ્ ને સંવર્ધન કરવું ખુબ જ જરુરી બન્યું છે. જયારે પાટનગરમાં આવેલા ગીર ફાઉન્ડેશન ખાતે વેટલેન્ડના રક્ષણ અને સંવર્ધન માટે રાષ્ટ્રીય કક્ષાના પાંચ દિવસીય સેમીનારનું આયોજન કરાયું હતું. જેમાં પ્રથમ દિવસે રાજયની વિવિધ કોલેજના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

વેટલેન્ડ વિષયના નિષ્ણાંત વર્જેનિયા યુનિ. યુ.એસ.એ.ના પ્રોફેસર ડો.જેમ્સ એન્ડરસન તથા બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના ્ડવાઈઝર ડો.અસદ રહમાનીએ જળપ્લાવિત ક્ષેત્રોના સંરક્ષણ, સંવર્ધન તથા રિચાર્જ કરવા માટેની વિવિધ રીતો તેમજ તેના વિશેનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપ્યું હતું. જયારે બાકીના દિવસોમાં વિદ્યાર્થીઓને અને સંશોધન કરનારને નળ સરોવર ખાતે અભ્યાસઅર્થે લઈ જવામાં આવશે. અને પ્રેકટીકલ જ્ઞાન આપી સમજ પુરી પાડવામા્ આવશે. આ સેમીનારમાં વન વિભાગના કુલદીપ ગોયલ, એ.કે. શ્રીવાસ્તવ,ટી.વી.રામચંદ્રા સહિત ગીર ફાઉન્ડેશનના પૂર્વ ડાયરેકટર એસ.એન.પંડયા, જી.એ.પટેલ. એચ.એસ.સિંહ સહિત ગીર ફાઉન્ડેશનના ડાયરેકટર આર.ડી.કંબોજ અનો અતુલ અમીન ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



# ગાંધીનગરમાં રાજ્યનું સૌથી લઘુત્તમ તાપમાન, ૧ ૨ ડિગ્રી

ગાંધીનગર, તા.૧ ૨

રાજ્યમાં આવનાર સમયમાં ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશામાં રહેતા પવનોના કારણે દિવસે ગરમી અને રાત્રિ બાદ ઠંડીનો ચમકારો જોવા મળશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્યના મહત્વના શહેરોમાં અમદાવાદ ખાતે આજે મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૩.૫ રહેવા પામ્યું હતું. ડિસા ખાતે ૩૦.૬ ડિગ્રી મહત્તમ અને લઘુત્તમ ૧૪.૬ ડિગ્રી નોંધાવવા પામ્યું હતું. ગાંધીનગર ખાતે લઘુત્તમ ૧ ૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રાજ્યનું સૌથી ન્યુનતમ તાપમાન ગાંધીનગર ખાતે નોંધાયું હતું. નલિયા ખાતે મહત્તમ ૩૧.૮ ડિગ્રી જ્યારે ન્યુનતમ ૧૬.૬ ડિગ્રી તાપમાન નોંધાવવા પામ્યું હતું. સામાન્યરીતે ડિસેમ્બર મહિનામાં સમગ્ર ગુજરાતમાં ઠંડીનો ચમકારો જોવા મળતો હોય છે. આમ છતાં અડધો ડિસેમ્બર મહિનો પુરો થવા આવ્યો તેમ છતાં પણ રાજ્યમાં હજુ જોઈએ તેટલી ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો નથી. નિષ્ણાતોના કહેવા મુજબ ગ્લોબલ વોર્મિંગની અસરોના પગલે જેમ આ વર્ષે ચોમાસાની મોડી શરૂઆત થઈ હતી તેવી જ રીતે શિયાળાની ઠંડીનો ચમકારો પણ અનુભવવા માટે હજુ રાજ્યના લોકોએ વધુ થોડા દિવસો રાહ જોવી પડશે. એમ માનાઈ રહ્યું છે કે, ૧૫ ડિસેમ્બર બાદ રાજ્યમાં હવામાનમાં પલટો જોવા મળશે અને જેમ હાલ સમગ્ર ઉત્તર ભારતમાં વિવિધ પ્રાંતોમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું છે તે પ્રમાણે ગુજરાતમાં પણ ઠંડીનો ચમકારો અનુભવવા મળશે. દરમિયાન વર્તમાન સિઝનમાં નિષ્ણાત તબીબો દ્વારા ખાસ કરીને બાળકોને સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. નાના બાળકો બિમારીના સંકજામાં આવી રહ્યા છે. બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે. મોડી સાંજે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જાણકાર લોકો માને છે કે, તાપમાનમાં સતત ફેરફારના લીધે લોકોની હાલત કફોડી બનેલી છે. અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં હાલમાં ફરી એકવાર બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે.

સાંજે ઠંડા પવન પણ ફૂંકાયા હતા. ઠંડીના કારણે લોકો હવે સાવધાન થઈ ગયા છે. કારણ કે વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. કોઈપણ પ્રકારની ચેતવણી હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી નથી.

# ગુરૂવારથી કમુરતા : એક મહિનો શુભકાર્યો પર બ્રેક

## ઉત્તરાયણ પછી પુનઃ લગ્નની સીઝન શરૂ થશે : જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં લગ્નોની ભરમાર

ગાંધીનગર, તા. ૧ ૨

છેલ્લા કેટલાય દિવસોથી શહેરમાં ઠેક ઠેકાણે ધ્રુબકી રહેલા ઢોલ અને શરણાઈનો નાદ હવે એક મહિના માટે બંધ રહેશે. ધનુર્માસનો પ્રારંભ ગુરૂવારથી થઈ રહ્યો હોવાથી કમુરતાનો પ્રારંભ થશે. આ કમુરતા ઉત્તરાયણ બાદ પુર્ણ થશે. તે પછી જ શુભકાર્યો પુનઃ થઈ શકશે.

લગ્નવિધિ સહિતના શુભકાર્યો માટે હિન્દુ ધર્મની પરંપરામાં મુહૂર્તનુ ખુબ જ મહત્વ છે. દિવાળી બાદ દેવઉઠી અગિયારસથી શુભ મુહૂર્તની શરૂઆત થાય છે અને તે સાથે જ લગ્નોની સિઝન શરૂ થઈ જાય છે. આ વર્ષે શુભ મુહૂર્તમાં ખુબ લગ્નો યોજાયા. શનિ-રવિની રજાઓ દરમ્યાન લગ્નોની ભરમાર રહી. લગભગ એક-દોઢ મહિનો ચાલેલી લગ્નની સિઝન હવે પુર્ણતાના આરે છે. ૧૫મી ડિસેમ્બર ગુરૂવારના રોજ રાત્રે ૮.૫૬ વાગે સૂર્ય ધનુરાશિમાં આવવાની સાથે જ કમુરતાનો પ્રારંભ થશે. ત્યારબાદ છેક એક મહિના પછી ઉત્તરાયણ બાદ કમુરતા ઉતરશે. તે સાથે જ શુભકાર્યોની શરૂઆત થશે. સેવા-દાન સહિતના શુભ કાર્યો સાથે જ લગ્ન આદિ શુભકાર્યોનો પ્રારંભ થશે. ૧૭મી જાન્યુઆરીએ પ્રથમ મુહૂર્ત બાદ પુનઃ લગ્નો શરૂ થઈ જશે. જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં લગ્નોની ભરમાર જોવા મળશે.

### જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ખુબ લગ્નો

કમુરતા પછી જાન્યુઆરીમાં ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૨૪, ૨૯ તારીખ, ફેબ્રુઆરીમાં ૧, ૨, ૩, ૫, ૬, ૧૨, ૧૪, ૧૭, ૧૯, ૨૮, માર્ચમાં ૫, ૬, ૧૪, ૧૫, ૧૬, ૧૮ તારીખ, એપ્રિલમાં ૧૯, ૨૦ તારીખ, મે મામાં ૫, ૮, ૯, ૧૬, ૧૭, ૨૧, ૨૨, ૨૩ તારીખ, જૂનમાં ૨, ૩, ૫, ૬, ૮, ૧૨, ૧૩, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૩૦ તારીખ અને જુલાઈમાં ૧, ૨, ૩ તારીખે લગ્નના મુહૂર્ત છે.

# ગુજરાતના વિદ્યાર્થીઓ માટે પોલેન્ડની WSGE યુનિવર્સિટીના આકર્ષક અભ્યાસક્રમો

અમદાવાદ, તા. ૧ ૨

અત્યારના સંજોગોમાં સ્ટડી એબ્રોડ માટે જવું એ મોટામાં મોટો પ્રશ્ન અત્યારનાં સ્ટુડન્ટમાં ઉભો થાય છે. છેલ્લા વર્ષોની પરિસ્થિતિ પ્રમાણે જોઈએ તો એબ્રોડ એજ્યુકેશન માટે સ્ટુડન્ટની પસંદગી છે. USA, Australia, Canada વગેરે દેશો માટે રહેલી છે. પરંતુ આ બધાં દેશોમાં અભ્યાસનાં ખર્ચા અતિશય ઉંચા છે. જે સામાન્ય માણસનાં પહોંચની બહાર હોય છે અને એડમિશન મેળવવા અને પીઆર (કાયમી સ્થાયી) થવામાં ઉત્તરોત્તર મુશ્કેલીઓ વધતી જાય છે. આ સંજોગોમાં છેલ્લા બે વર્ષથી પોલેન્ડ દેશ હાયર એજ્યુકેશન માટે ખૂબ સક્ષમ રીતે આગળ આવી રહ્યો છે.

તાજેતરમાં પોલેન્ડની ધ યુનિવર્સીટી ઓફ યુરોરિજ્યોન્લસ ઈકોનોમી (WSGE) યુનિ. દ્વારા તેમની India Office (Golden Future) સાથે એક સરસ અને માહિતીપદ સેમિનારનું આયોજન અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ)માં કરવામાં આવ્યું હતું, તેમાં WSGEમાં ડાયરેક્ટર ઓફ ઈન્ટરનેશનલ ઓફિસર મિસ. માર્તા અને વાઈસ ચાન્સેલર મિસ. માર્તા અને ઈન્ડીયન ઓફિસનાં મિ. ચિંતન મોદીએ પોલેન્ડ સ્ટડી વિશે ખૂબ વસ્તારમાં વિદેશ ભણવા ઈચ્છુક વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

મિસ. માર્ગાકે જેઓ WSGEમાંનાં વાઈસ ચાન્સેલર છે તેમણે WSGEમાંની માહિતી આપતાં જણાવ્યું હતું કે, WSGE યુનિ.માં Ministry of National Education & Sprots દ્વારા પ્રમાણ છે. આ WSGE યુનિ.ની સ્થાપનાં ૧૮ નવેમ્બર ૨૦૦૨માં કરવામાં આવી હતી. જે પ્રાઈવેટ યુનિવર્સિટી તરીકે (Identification Management 115) તરીકે રજીસ્ટર્ડ છે. ગુજરાતમાંથી વિદ્યાર્થીઓની સંખ્યા યુનિવર્સિટીમાં વધતાં અમારાં દ્વારા નવરાત્રી, દિવાળી, હોળી જેવાં ભારતીય તહેવારો પરંપરાગત રીતે ઉજવવામાં આવે છે. આ સાથે WSGE યુનિ. અને ગોલ્ડન ફ્યુચરનાં ઉપક્રમે તાજેતરમાં રાજકોટ, બરોડા, સુરત, નવસારી, ગાંધીનગર, આણંદ, વિસનગર, અમદાવાદ દ્વારા સ્પોટ એડમીશન અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિદ્યાર્થીઓ દ્વારા સારો પ્રતિસાદ મળેલો છે.

# છત્તીસગઢ અને ઝારખંડ રાજ્યોના આદિવાસી યુવા પ્રતિનિધિઓ રાજ્યપાલની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧ ૨

૯મા આદિવાસી યુવા વિનિમય કાર્યક્રમ હેઠળ ગુજરાતના પ્રવાસે આવેલા છત્તીસગઢ અને ઝારખંડ રાજ્યોના આદિવાસી યુવા પ્રતિનિધિઓ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. નેહરુ યુવા સંગઠન, ગુજરાત ઝોનના ઉપક્રમે આયોજિત ૯મા આદિવાસી યુવા વિનિમય કાર્યક્રમ અંતર્ગત ગુજરાત આવેલા યુવા પ્રતિનિધિઓ સાથે રાજ્યપાલશ્રીએ રસપ્રદ સંવાદો કર્યા હતા.



## જમ્મુ અને કાશઅમીરના વિદ્યાર્થીઓ રાજ્યપાલની શુભેચ્છા મુલાકાતે

જમ્મુ અને કાશ્મીર રાજયના રામબન જિલ્લાના વિદ્યાર્થીઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીય એકતા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત ૨૩-રાષ્ટ્રીય રાઈફલન્સ ઓફ નોર્ધન કમાન્ડ દ્વારા આયોજિત ગુજરાતના પ્રવાસે આવેલા આ વિદ્યાર્થીઓના સમુહ સાથે રાજયપાલશ્રીએ રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો. આ પ્રસંગે ૨૩-રાષ્ટ્રીય રાઈફલન્સ ઓફ નોર્ધન કમાન્ડના સંબંધિત અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.